દિવ્ય ભાસ્કર, ગાંધીનગર ભાસ્કર, પાના.નં.- ૦૨,
તારીખ :- ૦૪/૧૨/૨૦૨૫.

# મેટ્રો રેલના તૈયાર સ્ટેશનોને યુદ્ધના ધોરણે રંગરોગાનની તૈયારીઓ શરૂ



નગરમાં આગામી જાન્યુઆરી-2026થી મેટ્રો રેલ સેવાનો મહાત્મા મંદિર સુધી શરૂ કરવામાં આવશે. આથી નગરવાસીઓને વધુ એક ટ્રાન્સપોર્ટેશન સુવિધાનો લાભ મળી રહેવાથી અપડાઉન કરતા કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને રાહત રહેશે. ત્યારે હવે સચિવાલયથી મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલ સેવા શરૂ કરવાની હોવાથી તેની વચ્ચે આવતા પાંચ સ્ટેશનોને આખરી ઓપ આપવાની કામગીરી હાલમાં યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે. ત્યારે મેટ્રો સ્ટેશની આસપાસના રંગરોગાનની કામગીરી ક્રેનની મદદથી કરવામાં આવી રહી છે. જોંકે મેટ્રો રેલ સેવા શરૂ થવાથી અપડાઉન કરતા લોકોને ટ્રાફિક સમસ્યામાંથી કાયમી ઉકેલ આવી જશે. મેટ્રો રેલ સેવા શરૂ થવાની સાથે સાથે સ્ટેશન સુધી નગરવાસીઓ સરળતાથી જઈ શકે તે માટે શહેરી બસ સેવા શરૂ કરવામાં આવે તેવી આશા નગરવાસીઓ રાખી રહ્યા છે. તસવીર- હિતેષ જયસ્વાલ